**: સી–સમરી લગત હુકમ :**

(૧) બગવદર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧ ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૬૬ મુજબના ગુનાના કામે સદર ગુનાના તપાસ અમલદાર ઈ/ચા પોલીસ સબ ઈન્સપેકટર એચ.સી.ગોહીલનાઓએ ડી.વાય.એસ.પી.શ્રી. પોરબંદર ગ્રામ્ય સ્મિત એમ.ગોહીલ મારફતે સદર ગુનાની સી સમરી મંજુર કરવા માટે હાલની સમરી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. સદર સમરી દાખલ થતાં ફરીયાદીને સાંભળવા જરૂરી હોય, ફરીયાદીને નોટીસ કરવાનો હુકમ કરેલો છે. ત્યારબાદ ફરીયાદીને નોટીસ બજી જતા ફરીયાદી કોર્ટમાં હાજર થઈને સદર સમરી મંજુર કરવા સામે કોઈ વાંધો લીધો નથી અને તેઓએ તેમની ભોગ બનનાર બહેનને જુવેનાઈલ લગ્નની લાલચ આપીને ભગાડી ગયો હોય તે માટે તેઓએ કાયદાના અજ્ઞાનતાના કારણે અને અભણ હોય બે વખત પો.સ્ટેશનમાં એફ.આઈ.આર. કરેલી છે તેવું પણ સ્વીકારેલ છે.

(૨) તપાસ અમલદારે ડી.વાય.એસ.પી. પોરબંદર ગ્રામ્ય મારફતે માંગેલી સદર સી સમરીની ટુંકમાં હકીકત એવી છે કે, બગવદર પો.સ્ટેશના આખરી અહેવાલ ફાઈનલ રીપોર્ટ (સી સમરી) મુજબ સદર બનાવમાં ભોગ બનનારના ભાઈ જીતેન નવલ ડાવરનાઓએ તેમની ભોગ બનનાર બહેનને (જુવેનાઈલ) તા. ૧૩/૧૨/૨૦૨૦ ના રોજ કલાક ૨૨:૦૦ થી તા. ૧૪/૧૨/૨૦૨૦ ના રોજ કલાક ૦૬:૩૦ દરમ્યાન કોઈપણ સમયે ફરીયાદીને બહેનને લલચાવી ફોસલાવીને બદકામ કરાવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ત્યાં લઈ ગયેલ હોય તે બાબતે ફરીયાદીએ બગવદર પોલીસ પી.એસ.આઈ.શ્રી. એચ.સી.ગોહીલ સમક્ષ તા. ૨૮/૧૨/૨૦૨૦ ના રોજ કલાક ૧૪:૩૦ વાગ્યે ફરીયાદ આપતા બગવદર પો.સ્ટે.એ પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૨૦૦૫૪૮/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ–૩૬૩,૩૬૬ નો ગુનો રજીસ્ટર થયેલો અને સદર ગુનાની તપાસ સર્કલ પોલીસ ઈન્સપેકટરશ્રી, રાણાવાવનાઓ કરી રહયા હતા અને ગઈ તા. ૦૩/૦૪/૨૦૨૧ ના રોજ બગવદર પો.સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર સીક રજા પર જતા બગવદર પો.સ્ટે.નો ચાર્જ શ્રી પી.ડી.જાદવ પોલીસ અધિક્ષકશ્રી, રાણાવાવનાઓ પાસે હોય ગઈ તા. ૦૯/૦૪/૨૦૨૧ ના રોજ ફરીયાદી ફરીથી બગવદર પો.સ્ટે.ખાતે આવી ઉપરોકત બનાવની ફરીયાદની હકીકત ઈ/ચા પોલીસ સબ ઈન્સ.શ્રી. પી.ડી.જાદવ રૂબરૂ ફરીથી સદર બનાવની ફરીયાદ લખાવતા કલાક ૧૩:૩૦ વાગ્યે બગવદર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૬૬ મુજબની ફરીથી ઉપરોકત બનાવનો ગુનો બીજી વખત હકીકતની ભુલના કારણે દાખલ કરી દીધેલો અને તપાસ સર્કલ પોલીસ ઈન્સપેકટરશ્રી, રાણાવાવ પોલીસ તરફ મોકલેલી

અને તેઓની કચેરી તરફથી તા. ૧૦/૦૪/૨૦૨૧ ના રોજ સદરહું ગુનાની હકીકત વાળી ફરીયાદ તા. ૨૮/૧૨/૨૦૨૦ ના રોજ દાખલ થયેલી હોવાની તેઓને જાણ થયેલી અને ત્યારબાદ બંને એફ.આઈ.આર.ઓ વંચાણે લેતા, બંને ગુનાઓમાં એકજ જુવેનાઈલ અને એકજ ભોગ બનનાર હોય અને બનાવનો સમય અને સ્થળ પણ એક જ હોય આમ, હકીકતની ભુલના કારણે એક જ બનાવની બે વખત એફ.આઈ.આર. થયેલ હોવાથી ફરીથી ગુનો દાખલ થયેલ હોય તે ફરીયાદ યોગ્ય ઘટીત કાર્યવાહી કરવા અર્થે સર્કલ પોલીસ ઈન્સ.શ્રી રાણાવાવે તેઓને એટલે કે બગવદર પોલીસ સ્ટેશનને ફરીયાદ પરત કરેલી હતી. આમ એકજ બનાવની પહેલી એફ.આઈ.આર.બગવદર પો.સ્ટે.એ પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૨૦૦૫૪૮/૨૦૨૦ થી ઈ.પી.કો. કલમ–૩૬૩,૩૬૬ મુજબ નોંધેલી અને ત્યારબાદ તે જ બનાવની બીજી ફરીયાદ તા. ૦૯/૦૪/૨૦૨૧ ના બગવદર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ–૩૬૩,૩૬૬ મુજબ નોંધાયેલી હોય જેથી બીજી એફ.આઈ.આર. હકીકતની ભુલના કારણે દાખલ થયેલ હોય જેથી તે ફરીયાદ અંગે વર્ગ–સી સમરી મંજુર થવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત ઉલ્લેખ કરેલા કારણસર તપાસ અમલદારે સી સમરી માંગેલ છે તે સાથે રજુ કરેલા કાગળો ધ્યાને લેતા તપાસ અમલદારે કરેલી રજુઆત કે, ફરીયાદીએ તેના ભોગ બનનાર તેમની બહેનને જુવેનાઈલએ લગ્નની લાલચ આપીને ફોસલાવીને લઈ ગયેલ હોય તે અંગેની ફરીયાદ અગાઉ બગવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૨૦૦૫૪૮/૨૦૨૦ થી તા. ૨૮/૧૨/૨૦૨૦ ના રોજ દાખલ કરેલી હતી તે જ બનાવની ફરીથી ફરીયાદીએ તા. ૦૯/૦૪/૨૦૨૧ ના રોજ બગવદર પો.સ્ટે.માં પાર્ટ એ– ગુ.ર.નં.૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧ થી ફરીયાદ આપતા બગવદર પો.સ્ટે.માં ફરીથી ફરીયાદ નોંધી લીધેલી તેવું સમરી સાથે રજુ કરેલા કાગળો વંચાણે લેતા જણાય છે. આમ એક જ બનાવની બે ફરીયાદ જયારે બગવદર પો.સ્ટે.માં નોંધાવેલી હોય ત્યારે પહેલી ફરીયાદ એટલે કે, તા. ૨૮/૧૨/૨૦૨૦ ના રોજ બગવદર પો.સ્ટે. ગુ.ર.નંબર ૧૧૨૧૮૦૦૨૦૦૫૪૮/૨૦૨૦ થી નોંધાયેલી ફરીયાદ કાયદેસર રીતે ટકવાપાત્ર રહે છે અને સદર ગુનાની તપાસ અમલદારે તપાસ કરી સર્કલ પોલીસ ઈન્સપેકટર એચ.એલ.આહીર રાણાવાવ સર્કલનાઓએ જુવેનાઈલ વિરૂધ્ધ સદર ગુના અંગેનું ચાર્જશીટ જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ સમક્ષ તા. ૦૯/૦૮/૨૦૨૧ ના રોજ કરેલ છે જેનો જુવેનાઈલ કેસ નં. ૩૯/૨૧ પડેલો છે. તે અંગેની પોલીસ ઈન્સપેકટર રાણાવાવ સર્કલનાઓએ જે રજુઆત કરેલ છે તે રજુઆત ફોજદારી જુવેનાઈલ કેસ નં. ૩૯/૨૧ નું રેકર્ડ વંચાણે લેતા યોગ્ય જણાય છે. આમ તે જ બનાવ અંગેની અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ ફરીયાદ બગવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ ફરીથી બગવદર પોલીસ સ્ટેશન પાર્ટ એ–ગુના રજી નં ૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧

થી આઈ.પી.સી. કલમ–૩૬૩,૩૬૬ મુજબની બીજી ફરીયાદ નોંધાયેલી હોય તે કાયદેસર રીતે ટકવા પાત્ર રહેતી નથી. જેથી તપાસ અમલદારે માંગેલી સી સમરી મંજુર કરવી ન્યાયોચીત જણાય છે. સાથે અત્રે એ નોંધવું જરૂરી જણાય છે કે, આવા ગંભીર ગુનાની બે વખત એફ.આઈ.આર. એક જ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલી છે જેથી બગવદર પોલીસ સ્ટેશનના બીજી એફ.આઈ.આર. દાખલ કરનાર અમલદાર/કર્મચારી જયારે પહેલી એફ.આઈ.આર. અને બીજી એફ.આઈ.આર.માં એક જ ફરીયાદી, ભોગ બનનાર અને ગુનો કરનાર જુવેનાઈલ હોય ત્યારે બીજી એફ.આઈ.આર. તે જ ગુનાની દાખલ કરવામાં તેઓએ ગંભીર બેદરકારી દાખવેલી છે તેવું પણ જણાય છે. જેથી ફરી થી કોઈ પોલીસ સ્ટેશનમાં આવું ન બને તે માટે યોગ્ય થવા માટે તે અંગેની જાણ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરનાઓને કરવી જરૂરી જણાય છે. આમ ઉપરોકત ઉલ્લેખ કરેલ તમામ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો સદર સમરી પર હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર ગ્રામ્યનાઓએ બગવદર પો.સ્ટે. ગુ.ર.નં.પાર્ટ એ– ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૩૨૧૦૧૦૪/૨૦૨૧ થી આઈ.પી.સી. કલમ–૩૬૩,૩૬૬ ના કામે માંગેલી વર્ગ '' સી '' સમરી મંજુર કરવામાં આવે છે.

સદર હુકમની જાણ તપાસ અમલદાર તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર ગ્રામ્ય નાઓને કરવી.

સદર હુકમની જાણ પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરનાને યોગ્ય થવા સારૂ મોકલી આપવી.

તા. ૨૨/૦૧/૨૦૨૪

(એચ.આર.ઠાકોર)
બીજા એડી.ચીફ જયુડી. મેજી.
પોરબંદર
જજ કોડ : જી.જે.૦૧૨૦૫